| | |
|---|---|
| દાખલ તારીખ | ૦૧/૦૩/૨૦૧૮ |
| રજીસ્ટરે લીધા તારીખ | ૦૧/૦૩/૨૦૧૮ |
| ફેંસલ તારીખ | ૨૨/૦૭/૨૦૨૬ |
| સમયગાળો | <u>વર્ષ</u> <u>માસ</u> <u>દિવસ</u> |

**<u>મે.લાલપુરના એડિશ્નલ ચીફ જયુડિશીયલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટ સમક્ષ</u>**

**ફોજદારી કેસ નં.–૨૮૯/૨૦૧૮**
આંક–

**ફરિયાદી:– શ્રી સરકાર**

**–– //<u>વિરૂદ્ધ</u> //––**

**આરોપીઓઃ– (૧) રહીમ સ/ઓફ મામદભાઇ ઉર્ફે ભંભો ઓશમાણભાઇ સેઠા**
જાતે સંધી ઉવ.૨૦ ધંધો ખેતી
રહે. ખટીયા ગામ તા.લાલપુર જી.જામનગર

**(૨) ઈશાક ઈસ્માઇલ સેઠા**
જાતે સંધી ઉવ.૨૧ ધંધો ખેતી
રહે. ખટીયા ગામ તા.લાલપુર જી.જામનગર

**(૩) કાસમ ઉર્ફે સદામ જુમાભાઇ સેઠા**
જાતે સંધી ઉવ.૨૨ ધંધો ડ્રાઈવીંગ
રહે. ખટીયા ગામ તા.લાલપુર જી.જામનગર

**(૪) સાજીદ ઉર્ફે સાજલો જુમાભાઇ સમા**
જાતે સંધી ઉવ.૨૦ ધંધો ખેતી
રહે. ખટીયા ગામ તા.લાલપુર જી.જામનગર

---

**ગુન્હો–ઇ.પી.કો.કલમ–૩૨૩, ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૫૦૪, ૫૦૬(૨) તથા જી.પી.એકટની કલમ ૧૩૫(૧) મુજબનો...**

---

-----------------------------------------

સરકાર પક્ષે વિદ્વાન એ.પી.પી.શ્રી કે.કે.પટેલ

આરોપીયો પક્ષ તર્ફે વિ.વકીલ શ્રી એચ.એચ.જાડેજા

-----------------------------------------

## –// <u>ચુકા દો</u> //–

**(૧)..** આ કામે ફરિયાદપક્ષનાં કેસની ટૂંકમા હકીકત એવી છે કે, લાલપુર પો. સ્ટે. ફર્સ્ટ ગુના રજી. નં. ૩૩/૨૦૧૭ થી તા. ૨૫/૦૯/૨૦૧૭ ના રોજ ઇ.પી.કો. કલમ–૩૨૩, ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૫૦૪, ૫૦૬(૨) તથા જી.પી.એકટની કલમ ૧૩૫(૧) મુજબનો ગુનો નોંધાયેલ છે. જેમાં ફરીયાદ આપનાર સુરેશભાઇ બેચરભાઇ સીતાપરાનાએ આરોપીઓ વિરુધ્ધ એ મતલબની ફરીયાદ આપેલ છે કે, આરોપીઓએ તા:–૨૫/૦૯/૨૦૧૭ ના રોજ કલાક:–૨૧/૦૦ વાગ્યે ફરીયાદીને આરોપી નં. ૧ નાએ મોટરસાયકરપલ ગરબીમાં રાખી મસાલો ખાવા જતા ફરીયાદીએ આરોપીને મોટરસાયકલ વચ્ચે નહી રાખવાનું કહેતા, એકદમ ઉશ્કેરાઈ જઈ, મોટરસાયકલ લઈ ગરબી વચ્ચેથી ચલાવી જતા રહેલ અને પાછળથી આરોપી નં. ૧ થી ૪ તથા અન્ય આરોપીઓએ એક ફોર વ્હીલ તથા મોટરસાયકલ લઈ ફરી પાછા આવી, ગેર કાયદેસર મંડળી રચી, લાકડી તથા છરા જેવા હથીયારો સાથે આવી, ફરિયાદીને ઢસડી જઈ, ગરબી પાસે આડેધડ લાકડી વતી માર મારી, જાનથી મારી નાખવાની ધમકી આપી, એકબીજાની મદદગારી કરી આરોપીઓએ ફરીયાદીને સ્વેચ્છાપુર્વકની વ્યથા પહોંચાડી, જીલ્લા મેજીસ્ટ્રેટશ્રીનું હથીયારબંધીનુ જાહેરનામું અસ્તિત્વમાં હોવાનુ આરોપીઓ જાણતા અને માનતા હોવા છતાં આરોપીઓએ હથીયાર ધારણ કરી, જાહેરનામાનો ભંગ કરેલ હોવાનુ ફરીયાદમાં જણાવેલ છે.

**(૨)..** ઉપરોક્ત મુજબની ફરીયાદ દાખલ થતા ત.ક.અમલદારે આરોપીઓની અટક કરેલ છે અને કોર્ટ રૂબરૂ રજુ કરતા આરોપીઓને જામીન આપવામાં આવેલ છે અને તેથી આરોપીઓ જામીન મુક્ત થયેલા છે.

(૩).. ત્યારબાદ ત.ક.અમલદારે તપાસ કરતા આરોપીઓ વિરૂદ્ધ પુરતો પુરાવો હોઈ જેથી ત.ક.અમલદારે આરોપીઓ સામે ઇ.પી.કો. કલમ–૩૨૩, ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૫૦૪, ૫૦૬(૨) તથા જી.પી.એકટની કલમ ૧૩૫(૧) મુજબનુ ચાર્જશિટ દાખલ કરેલ છે.

(૪).. આરોપીઓ સામે ચાર્જશીટ દાખલ થયેલ હોઈ અને આરોપીઓ જામીન મુક્ત થયેલા હોઈ જેથી ધોરણસરનો સમન્સ આરોપીઓને કાઢવામાં આવેલ છે જે બજી જતા આરોપીઓ હાજર થતા તેઓને ક્રિ.પ્રો.કોડની કલમ–૨૦૭ અન્વયે પોલીસ પેપર્સની નકલો પુરી પાડવામાં આવેલ છે.

(૫).. આ ગુનાના કામે આરોપીઓ સામે તહોમતનામું ફરમાવવા માટે પુરતા પુરાવા હોઈ જેથી આરોપીઓ સામે આંક–૩ થી ઇ.પી.કો. કલમ–૩૨૩, ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૫૦૪, ૫૦૬(૨) તથા જી.પી.એકટની કલમ ૧૩૫(૧) મુજબનું તહોમતનામું ફરમાવેલ છે અને આંક–૪ થી આંક–૭ સુધી આરોપીઓનો જવાબ લેવામાં આવેલ છે જેમાં તેઓએ આક્ષેપિત ગુનાનો ઇન્કાર કરેલ છે જેથીઆ કેસ ફરિયાદ પક્ષના પુરાવા માટે મુકરર કરવામાં આવેલ છે.

(૬).. સદર કામે ફરિયાદ પક્ષ તરફે પોતાના કેસના સમર્થનમાં નીચે મુજબનો મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજુ કરેલ છે.

<u>**મૌખિક પુરાવાઃ**</u>–

| અ.નં. | આંક | વિગત |
|---|---|---|
| ૧ | ૧૧ | પંચ સાહેદ નવાઝ ઇસ્માઇલ અમીરાણીની સોગંદ પરની જુબાની |
| ૨ | ૧૩ | ફરીયાદી સુરેશ બેચરભાઈ સીતાપરાની સોગંદ પરની જુબાની |
| ૩ | ૨૦ | સાહેદ રૂઘીબેન ગોપાલભાઈ ડાભીની સોગંદ પરની જુબાની |
| ૪ | ૨૧ | સાહેદ શાંતાબેન મગનભાઈ સીતાપરાની સોગંદ પરની જુબાની |
| ૫ | ૪૩ | સાહેદ જેન્તીભાઇ ભનજીભાઇ દેગામા (મકવાણા)ની સોગંદ પરની જુબાની |

| | | |
|---|---|---|
| ૬ | ૪૫ | પંચ સાહેદ અજયભાઇ મગનભાઇ પરેશાની સોગંદ પરની જુબાની |
| ૭ | ૪૭ | પંચ સાહેદ હરેશભાઇ ગોવિંદભાઇ સીતાપરાની સોગંદ પરની જુબાની |
| ૮ | ૫૦ | સાહેદ પરબતભાઇ જીવાભાઇ બાંટવાની સોગંદ પરની જુબાની |
| ૯ | ૫૨ | ત.ક.અ. પૃથ્વીરાજસિંહ વિક્રમસિંહ રાણાની સોગંદ પરની જુબાની |

**દસ્તાવેજી પુરાવાઃ**–

| **અ.નં.** | **આંક** | **વિગત** |
|---|---|---|
| ૧ | ૧૨ | અટક પંચનામુ |
| ૨ | ૧૪ | ફરીયાદ |
| ૩ | ૪૬ | સ્થાનીક જગ્યાનુ પંચનામુ |
| ૪ | ૫૧ | હથીયારબંધીનુ જાહેરનામુ |

(૭).. ફરિયાદીનો પુરાવો પુરો થતા આરોપીના વિશેષ નિવેદન ક્રિ.પ્રો.કોડની કલમ–૩૧૩ અન્વયે લેવામાં આવેલ છે. જેમાં આરોપીએ ફરિયાદપક્ષના પુરાવાનો ઈન્કાર કરેલ છે અને વિશેષમાં તેઓ નિર્દોષ હોવાનુ અને ખોટી રીતે સદર ગુનામાં સંડોવી દીધેલ હોવાનુ જણાવેલ છે.

(૮).. વિ.એપીપી શ્રી કે.કે.પટેલનાઓએ એવી દલીલ કરેલ છે કે, આરોપી સામે ઇન્ડિયન પીનલ કોડ ની કલમ–૩૨૩, ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૫૦૪, ૫૦૬(૨) તથા જી.પી.એકટની કલમ ૧૩૫(૧) મુજબનો ગુનો નોંધાયેલ છે અને પુરતા પુરાવા હોવાથી તે જ કલમ મુજબનુ ચાર્જશીટ રજૂ થયેલ છે અને આરોપી સામે તે જ કલમ મુજબનું તહોમતનામુ ફરમાવવામાં આવેલ છે. ફરિયાદપક્ષની હકીકત જોતા ફરીયાદીને આરોપી નં. ૧ નાએ મોટરસાયકલ ગરબીમાં રાખી મસાલો ખાવા જતા ફરીયાદીએ આરોપીને મોટરસાયકલ વચ્ચે નહી રાખવાનું કહેતા, એકદમ ઉશ્કેરાઈ જઈ, મોટરસાયકલ લઈ ગરબી વચ્ચેથી ચલાવી જતા રહેલ અને પાછળથી આરોપી નં. ૧ થી ૪ તથા અન્ય આરોપીઓએ એક ફોર વ્હીલ તથા મોટરસાયકલ લઈ ફરી પાછા આવી, ગેર કાયદેસર મંડળી રચી, લાકડી તથા છરા જેવા હથીયારો સાથે આવી,

ફરિયાદીને ઢસડી જઈ, ગરબી પાસે આડેધડ લાકડી વતી માર મારી, જાનથી મારી નાખવાની ધમકી આપી, એકબીજાની મદદગારી કરી આરોપીઓએ ફરીયાદીને સ્વેચ્છાપુર્વકની વ્યથા પહોંચાડી, જીલ્લા મેજીસ્ટ્રેટશ્રીનું હથીયારબંધીનુ જાહેરનામું અસ્તિત્વમાં હોવાનુ આરોપીઓ જાણતા અને માનતા હોવા છતાં આરોપીઓએ હથીયાર ધારણ કરી, જાહેરનામાનો ભંગ કરેલ હોવાનો આક્ષેપ છે અને આ કામે ફરિયાદપક્ષે પડેલ પુરાવો જોતા ફરિયાદીએ ફરિયાદપક્ષના કેસને સંપૂર્ણપણે સમર્થનકારી હકીકત જણાવેલ છે અને ફરિયાદપક્ષનો સમગ્ર પુરાવો જોતા આરોપી સામેનો ગુનો ફરિયાદપક્ષ દ્વારા શંકા રહિત પુરવાર કરેલો હોય આરોપીને તકસીરવાન ઠરાવવા અરજ ગુજારેલ છે.

સામા પક્ષે આરોપીઓ તરફે વિ. વકીલ શ્રી એન.પી.બોડાનાઓએ દલીલ કરેલ છે જેમાં તેઓએ એવી દલીલ કરેલ છે કે, આ કામે પંચો હોસ્ટાઇલ જાહેર થયેલા છે અને તેઓએ પંચનામાને કોઈ સમર્થન કરેલ નથી. તે તમામ હકીકત જોતા, ફરિયાદપક્ષ આરોપી વિરુદ્ધનો ગુનો શંકા રહીત પુરવાર કરવામાં સરેઆમ નિષ્ફળ નિવડેલ છે તેવી દલીલ કરી આરોપીઓને નિર્દોષ ઠરાવવા અરજ ગુજારેલ છે.

(૯).. ફરિયાદ પક્ષે પડેલ પુરાવા તથા બંને પક્ષોની રજુઆતો ધ્યાને લેતા આ કેસના નિર્ણય અર્થે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

**--// મુદ્દા//--**

(૧) શું ફરિયાદપક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે, આરોપીઓએ તા:-૨૫/૦૯/૨૦૧૭ ના રોજ કલાક:-૨૧/૦૦ વાગ્યે ફરીયાદીને આરોપી નં. ૧ નાએ મોટરસાયકરપલ ગરબીમાં રાખી મસાલો ખાવા જતા ફરીયાદીએ આરોપીને મોટરસાયકલ વચ્ચે નહી રાખવાનું કહેતા, એકદમ ઉશ્કેરાઈ જઈ, મોટરસાયકલ લઈ ગરબી વચ્ચેથી ચલાવી જતા રહેલ અને પાછળથી આરોપી નં. ૧ થી ૪ તથા અન્ય આરોપીઓએ એક ફોર વ્હીલ તથા

મોટરસાયકલ લઈ ફરી પાછા આવી, ગેર કાયદેસર મંડળી રચી, લાકડી તથા છરા જેવા હથીયારો સાથે આવી, ફરિયાદીને ઢસડી જઈ, ગરબી પાસે આડેધડ લાકડી વતી માર મારી, જાનથી મારી નાખવાની ધમકી આપી, એકબીજાની મદદગારી કરી આરોપીઓએ ફરીયાદીને સ્વેચ્છાપુર્વકની વ્યથા પહોંચાડી ઇ.પી.કો. કલમ-૩૨૩, ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૫૦૪, ૫૦૬(૨) મુજબ ગુનો આચરેલ છે ?

**(૨)** શું ફરિયાદપક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે, જિલ્લા મેજિસ્ટ્રેટશ્રીનું હથિયારબંધીનું જાહેરનામું અમલમાં હોવા છતાં આ કામના આરોપીઓએ તે જાહેરનામાનો ભંગ કરી મારક હથયારો ધારણ કરી જી.પી.એકટની કલમ-૧૩૫(૧) મુજબનો ગુનો આચરેલો છે ?

**(૩)** આખરી શું હુકમ ?

**(૧૦)..** ઉપરોકત મુદ્દાઓ પરત્વેના અત્રેની અદાલતના નિર્ણયો મીચે મુજબ છે.

(૧) નકારમાં
(૨) નકારમાં
(૩) આખરી હુકમ.

-//<u>કારણો</u>//-

<u>**મુદ્દા ન.-૧ અને ૨**</u>-

**(૧૧)..** ફરિયાદ પક્ષ પોતાનો કેસ પુરવાર કરવા માટે **આંક-૧૧ થી પંચ સાહેદ નવાઝ ઈસ્માઈલ અમરાણી ને** તપાસેલ છે અને આ પંચ સાહેદ એ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, આજથી એકાદ વર્ષ પહેલા સાહેદ લાલપુર પોલીસ સ્ટેશન પાસેથી પસાર થતા હતા ત્યારે પોલીસે તેમને બોલાવેલા

હતા. ત્યાં એક લખેલા કાગળ ઉપર સહી કરવાનું કહેતા તેમણે સહી કરી આપેલી હતી. આ સિવાય તેઓ કશું જાણતા નથી. સાહેદને પંચનામાની ખરી નકલ બતાવવામાં આવતા તેમાં રહેલ તેમની સહી તેમણે ઓળખી બતાવેલ છે. સદર પંચનામાની ખરી નકલ પુરાવામાં રજુ દાખલ આંક–૧૨ છે.

આ પંચ સાહેદ પંચનામાની હકીકતોને સમર્થન કરતા ન હોય ફરીયાદપક્ષ તરફે વિ.એપીપીશ્રી એ તેઓને હોસ્ટાઈલ જાહેર કરી તેઓની વિગતવાર ઉલટતપાસ કરેલ હોવા છતાં આ સાહેદ ફરીયાદપક્ષના કેસને મદદરૂપ થાય તેવી કોઈ હકીકત જણાવેલ નથી.

(૧૨).. ફરિયાદ પક્ષ પોતાનો કેસ પુરવાર કરવા માટે **આંક–૧૩ થી ફરીયાદી સુરેશ બેચરભાઈ સીતાપરાને** તપાસેલ છે અને આ ફરીયાદીએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, આ બનાવ આશરે બે–ત્રણ મહીના પહેલા નવરાત્રી સમયે રાત્રીના ખટીયામાં જય અંબે ગરબી મંડળમાં તેઓ જ્યાં રહે છે એ ગરબી ચોકમાં બનેલો હતો. તે વખતે તેઓ તથા તેમના ભાઈ દીપક ગરબી ચલાવતા હતા. તેમના ભાઈ દીપક તેમના બહેનના ઘરે આટો દેવા ગયા હતા અને તેઓ ગરબી ચલાવતા હતા. તે દરમિયાન રહીમ ત્યાં આવ્યો હતો અને ગરબીવાળા રસ્તામાં આડો બેસી ગયો હતો. તે છોકરીઓ જવાના રસ્તા પર આડો બેસેલો હતો. ત્યાં તેમણે આડી દોરી બાંધેલી હતી. તેથી તેમણે રહીમને કહ્યું હતું કે અહીંથી ગરબી રમતી દીકરીઓ નીકળવાની હોય તેથી તે આડો ન બેસે. ત્યારે રહીમ તેમને ગાળો બોલવા લાગ્યો હતો. તે કહેતો હતો કે "તમારી ગરબીને માને આણે અને તમારી માને આણે " તેવી રીતે તેમને ગાળો બોલતો હતો. તેથી તેઓ શાંતિથી બેસી રહ્યા હતા. ત્યારબાદ રહીમે પોતાની હોન્ડા ગાડી ગરબીમાં ઘુસાડી દોરી તોડી નાખી હતી. ત્યારબાદ રહીમે તેના પપ્પાને બોલાવ્યા હતા. તેથી રહીમના પપ્પા મામદભાઈ તેમજ ઈસ્માઈલભાઈ, ઈશાકભાઇ, સદામભાઇ, સાદલો એમ છ જણા ત્યાં આવ્યા હતા અને તેઓને મારવા લાગ્યા હતા. તેમના હાથમાં લાકડીઓ અને છરી હતી. તેમને પગમાં લાકડીઓથી માર માર્યો હતો. અને સાજલો છરી મારવા જતા શાંતાબેન વચ્ચે પડી તેમને બચાવ્યા હતા. ત્યારબાદ તેઓ તેમને મારીને ત્યાંથી ચાલ્યા ગયા

હતા. આ ગરબીમાં તેમની સાથે શાંતાબેન, રૂધીબેન, ઉજીબેન જે તેમની માતા છે હાજર હતા અને તેઓ તેમના માથે પડી તેમને મારમાંથી બચાવ્યા હતા. તેમણે બીજું કઈ કહ્યું નથી. બીજા દિવસે તેઓ સવારે જામનગર હોસ્પિટલમાં સારવાર લેવા ગયા હતા. ત્યારબાદ તેમણે ફરીયાદ લખાવી હતી. તેઓ તમામ આરોપીઓને ઓળખે છે. તેમને તેમની આપેલી ફરીયાદ બતાવવામાં આવી હતી જેમાં તેમની સહી છે, જેને તેઓ ઓળખી બતાવે છે, જે રજુ દા. આંક–૧૪ છે.

આ સાહેદની આરોપી તર્ફે તેમના વિ.વ.શ્રી દ્વારા ઉલટતપાસ કરવામાં આવેલ ઉલટતપાસમાં તેઓએ જણાવેલ છે કે, તેઓ હાલમાં પણ મજૂરી કરે છે. એ વાતનો સ્વીકાર કરેલ છે કે, આ ગરબી ચોક આગળ કોળી જ્ઞાતીના વ્યક્તિની દુકાન આવેલી છે.એ વાતનો સ્વીકાર કરેલ છે કે, આ ગરબી ચોક આગળ કોળી જ્ઞાતીના વધારે મકાનો આવેલા છે. એ વાતનો સ્વીકાર કરેલ છે કે, તેમની દુકાને બધા લોકો મસાલો ખાવા આવે છે. એ વાતનો સ્વીકાર કરેલ છે કે, આરોપી રહીમ પણ તે દિવસે મસાલો ખાવા આવેલ હતો. એ વાતનો સ્વીકાર કરેલ છે કે, આરોપી રહીમ સરપંચની ચૂંટણી લડેલો હતો. એ વાતનો સ્વીકાર કરેલ છે કે, ખટીયા ગામથી લાલપુર ૧૫ થી ૧૬ કિ.મી. દૂર આવેલું છે. એ વાતનો સ્વીકાર કરેલ છે કે, તેઓ રહીમ તરફના ઉમેદવાર સામે ચૂંટણી લડેલા હતા. એ વાતનો ઈન્કાર કરેલ છે કે, બનાવ તા. ૨૫/૦૯/૨૦૧૭ના રોજ બનેલો હોવા છતાં તેની ફરીયાદ તેમણે તા. ૨૯/૦૯/૨૦૧૭ના રોજ કરેલી હતી. એ વાતનો ઈન્કાર કરેલ છે કે, તેમણે પોતાની ફરીયાદમાં આરોપી રહીમે "તમારી ગરબીને આણે અને તમારી માને આણે" તેવું બોલ્યાનું લખાવેલ નથી. સાહેદ જણાવે છે કે, તેમણે હોસ્પિટલમાં સારવાર કરાવેલી હતી અને તેના કાગળો પોલીસ સ્ટેશનમાં આપેલા હતા. એ વાતનો ઈન્કાર કરેલ છે કે, આવો કોઈ બનાવ બનેલ જ નથી. એ વાતનો ઈન્કાર કરેલ છે કે, આરોપી રહીમ તેમની દુકાને મસાલો ખાવા આવેલ હતો અને ત્યાં નિયાઝ ચાલતી હોવાથી તથા રહીમ મુસલમાન હોવાથી આ કામે તેમણે આરોપીઓને ખોટી રીતે સંડોવી ખોટી ફરીયાદ આપેલી છે. એ વાતનો ઈન્કાર કરેલ છે કે, આરોપીઓએ તેમને કોઈ માર

મારેલ નથી કે કોઈ ભુંડી ગાળો આપેલ નથી.

**(૧૩)..** ફરિયાદ પક્ષ પોતાનો કેસ પુરવાર કરવા માટે **આંક–૨૦ થી સાહેદ રૂધીબેન ગોપાલભાઈ ડાભીને** તપાસેલા છે. આ સાહેદે પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં એવુ જણાવેલ છે કે," ખટીયા ગામમાં ગરબી દરમિયાન આશરે એક વર્ષ પહેલા રાત્રે માથાકૂટ થયેલી હતી. તે સમયે તેઓ ગરબીમાં હાજર હતા. તે સમયે ગામેતીના છોકરાઓ ત્યાં લાંબા પગ કરીને ગરબી ચોકમાં છોકરીઓની હાર પાસે બેઠા હતા અને તેથી ગરબી રમતી એક છોકરીને ઠેબુ લાગેલું હતું. તે સમયે સુરેશ બેચર, જે ગરબીના મુખ્ય હતા, તેમણે આ છોકરાઓને સામે બેસવા જણાવ્યું હતું. ત્યારે આ છોકરાઓએ તેમના માતા–પિતાને ફોન કર્યો હતો અને ત્યારબાદ છોકરાઓના માતા–પિતા ત્યાં આવ્યા હતા અને તેમણે સુરેશ બેચરનો કાઠલો પકડીને તેમને એક બાજુ લઈ ગયા હતા અને સુરેશ બેચરનો કાઠલો ભંભાએ પકડેલો હતો. ત્યારબાદ ભંભો ત્યાંથી ભાગી ગયો હતો. ફોન કર્યા બાદ ગરબીમાં આશરે છ જેટલા લોકો આવ્યા હતા, જેમાં ભંભાએ પોતાના નેફામાંથી છરી કાઢી હતી અને ભંભાના છોકરા પાસે એક વેંત જેટલી બંધુક તેના હાથમાં હતી. તેઓ વચ્ચે છોડાવવા પડતા તેમને જમણા હાથના પંજામાં છરી વાગેલી હતી. સુરેશ બેચરને એક બાજુ લઈ જઈને આ લોકોએ તેમને માર માર્યો હતો. આ વખતે આરોપીઓ પાસે લાકડીઓ પણ હતી અને તેઓ મારવા જતા હતા ત્યારે કોઈએ પાછળથી લાકડી પકડી લીધી હતી. આ સમયે ગરબીમાં તેમની સાથે બીજી બે સ્ત્રીઓ પણ હાજર હતી અને તેઓ પણ છોડાવવા ગયા હતા. ભંભો તથા તેની સાથેના લોકો ગાળો બોલતા હતા અને કહેતા હતા કે તેઓ સીતાપરા ગામ છોડીને ભાગી જાય, નહિતર તેમને મારી નાખવામાં આવશે. ત્યારબાદ આરોપીઓ ત્યાંથી જતા રહ્યા હતા. પોલીસમાં પણ તેમણે આ વિગત લખાવી હતી. આ સિવાય તેમને કંઈ કહેવાનું નથી. "

આ સાહેદની આરોપી તર્ફે તેમના વિ.વ.શ્રી દ્વારા ઉલટતપાસ કરવામાં આવેલ ઉલટતપાસમાં તેઓએ એ વાતનો ઈન્કાર કરેલ છે કે, બનાવ બન્યો ત્યારે લાઇટ હતી નહીં. એ વાતનો ઈન્કાર કરેલ છે કે, સુરેશભાઈ તેમની

જ્ઞાતિના તથા તેમના કુટુંબના છે. એ વાતનો સ્વીકાર કરેલ છે કે, તેમને આંખે ઓછું દેખાય છે. સાહેદ જણાવે છે કે, તેઓ હાલમાં કોઈ કામધંધો કરતા નથી અને ઘરે રહે છે. એ વાતનો સ્વીકાર કરેલ છે કે, તેમના ગામના સરપંચની ચૂંટણીમાં ભંભાનો છોકરો રહીમ સરપંચના ઉમેદવાર હતો. એ વાતનો સ્વીકાર કરેલ છે કે, તેઓ સામા પક્ષે હતા. એ વાતનો ઈન્કાર કરેલ છે કે, સુરેશભાઈ તેમની જ્ઞાતિના હોવાથી તેમના સમર્થનમાં તેઓ ખોટી જુબાની આપે છે.

(૧૪).. ફરિયાદ પક્ષ પોતાનો કેસ પુરવાર કરવા માટે **આંક–૨૧ થી સાહેદ શાંતાબેન મગનભાઈ સીતાપરા ને** તપાસેલા છે. આ સાહેદે પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં એવુ જણાવેલ છે કે,"ફરીયાદી તેમના બહેનનો દીકરો થાય છે. બનાવ ગઈ સાલ ગરબી વખતે ખટીયા ગામના ગરબી ચોકમાં રાત્રે આશરે બારેક વાગ્યે બનેલો હતો. તે સમયે તેઓ ગરબીમાં હાજર હતા, કારણ કે તેમની દીકરી ચાંદની, જે આશરે ૧૩ વર્ષની છે, ગરબીમાં ભાગ લઈ રહી હતી, તેથી તેઓ ત્યાં રોકાયેલા હતા. તે દરમિયાન તેઓ બેઠા હતા ત્યારે તેમના ગામના ન હોવા છતાં બહારના કેટલાક છોકરાઓ ત્યાં આવ્યા હતા. તે છોકરાઓને તેમના દીકરા સુરેશે કહ્યું હતું કે તેઓ યોગ્ય રીતે બેસે, પરંતુ આ છોકરાઓ સુરેશને મારવા લાગ્યા હતા. તેઓ સુરેશની માસી થતા હોવાથી વચ્ચે મૂકાવવા ગયા હતા, ત્યારે તેમને ધક્કો મારીને નીચે પાડી દીધા હતા. તેમામાંથી કોણે તેમને પાડી દીધા તે તેઓ કહી શકતા નથી. આ છોકરાઓના નામ તેમને ખબર નથી. તેઓએ આ છોકરાઓને જોયેલા છે, પરંતુ આરોપીઓને બતાવવામાં આવે તો તેઓ ઓળખી શકશે નહીં. આ લોકો બહારના રહેવાસી હતા, પરંતુ તેઓ છેલ્લા બે–ત્રણ વર્ષથી ગામમાં રહેતા હતા. ખટીયા નાનું ગામ હોવાથી આ લોકો ચાર–પાંચ જણા હતા અને બધા જુવાન હતા. આ છોકરાઓ જ્યાં બેઠા હતા ત્યાં તેમની દીકરીઓને અડતા હતા, તેથી તેમના દીકરા સુરેશે તેમને મનાઈ કરી હતી અને યોગ્ય રીતે બેસવા કહ્યું હતું. ત્યારબાદ એક છોકરાએ તેના ઘરે ફોન કર્યો હતો અને તેના પછી ચાર–પાંચ લોકો વધુ આવી ગયા હતા, જે પણ જુવાન હતા અને લાઈન બનાવી ઉભા

રહ્યા હતા.આ લોકો ગરબીના સ્થળથી થોડા અંતરે રહેતા હતા. તેઓ ગામમાં છેલ્લા બે વર્ષથી રહેતા હોવાથી એકબીજાને મોઢેથી ઓળખતા હતા. સુરેશને આ લોકોએ લાકડીઓ અને પાણા લઈને માર માર્યો હતો. પોલીસમાં તેમણે પોતાનો જવાબ પણ લખાવ્યો હતો. "

આ સાહેદની આરોપી તર્ફે તેમના વિ.વ.શ્રી દ્વારા ઉલટતપાસ કરવામાં આવેલ ઉલટતપાસમાં તેઓએ એ વાતનો ઈન્કાર કરેલ છે કે, પોલીસે તેમનો જવાબ લીધેલ નથી. સાહેદ જણાવે છે કે, આ બનાવ વખતે રાતના બારેક વાગ્યા હતા. એ વાતનો ઈન્કાર કરેલ છે કે, તેમણે કોઈને જોયેલ નથી. એ વાતનો સ્વીકાર કરેલ છે કે, તેમણે પોતાના પોલીસ સમક્ષના નિવેદનમાં એવું લખાવેલ નથી કે ભંભાનો દીકરો રહીમ ગરબીની બાજુમાં આવેલી પાનની દુકાને મસાલો ખાવા માટે આવેલ હતો અને પોતાનું મોટરસાયકલ ગરબી વચ્ચે ઊભું રાખેલ હતું તથા તેને મોટરસાયકલ સાઈડમાં ઊભું રાખવાનું કહેલ હતું. એ વાતનો ઈન્કાર કરેલ છે કે, સુરેશભાઈ તેમની બહેનના દીકરા થતા હોવાથી તેમના સમર્થનમાં તેઓ ખોટી જુબાની આપે છે. સાહેદ જણાવે છે કે, ગરબીમાં ઘણા માણસો હાજર હતા.

(૧૪).. ફરિયાદ પક્ષ પોતાનો કેસ પુરવાર કરવા માટે **આંક–૪૩ થી સાહેદ જેન્તીભાઇ ભનજીભાઈ દેગામા (મકવાણા)**ને તપાસેલા છે. આ સાહેદે પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં એવુ જણાવેલ છે કે," તેઓની ખટીયા ગામમાં તેમની કરીયાણાની દુકાન આવેલી છે, જે તેમના ઘરવાળા ચલાવે છે. સાહેદ જણાવે છે કે, તેમની દુકાનની પાસે કોળીવાસ આવેલ છે અને ત્યાં તેમના ગામની ગરબી પણ થાય છે. સાહેદ જણાવે છે કે, ગરબી વાવા–મનાવ બાબતે તેઓ કાંઈ જાણતા નથી. સાહેદ જણાવે છે કે, તેમણે આ બાબતે કાંઈ સાંભળેલ પણ નથી. સાહેદ જણાવે છે કે, તેમણે પોલીસમાં કાંઈ લખાવેલ નથી તથા પોલીસે તેમને કાંઈ પૂછેલ નથી. સાહેદ જણાવે છે કે, દુકાન તેમના ઘરવાળા ચલાવે છે. સાહેદ જણાવે છે કે, રહીમ કે ભંભા વચ્ચે થયેલી માથાકૂટ બાબતે

તેઓ કાંઈ જાણતા નથી.

આ સાહેદ ફરીયાદપક્ષની હકીકતોને સમર્થન કરતા ન હોય ફરીયાદપક્ષ તરફે વિ.એપીપીશ્રીએ તેઓને હોસ્ટાઈલ જાહેર કરી તેઓની વિગતવાર ઉલટતપાસ કરેલ હોવા છતાં આ સાહેદ ફરીયાદપક્ષના કેસને મદદરૂપ થાય તેવી કોઈ હકીકત જણાવેલ નથી.

(૧૫).. ફરિયાદ પક્ષ પોતાનો કેસ પુરવાર કરવા માટે **આંક-૪૫ થી પંચ સાહેદ અજયભાઈ મગનભાઈ પરેશા તથા આંક-૪૭ થી પંચ સાહેદ હરેશભાઈ ગોવિંદભાઈ સીતાપરાને** તપાસેલ છે અને આ પંચ સાહેદ એ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, તેઓને તા. ૦૩/૦૯/૨૦૧૭ નું પંચનામું બતાવવામાં આવતા તેમાં પંચ તરીકેની સહી તેમની હોવાનું તેમણે ઓળખી બતાવેલ છે. તેઓ જણાવે છે કે, તેમના ગામમાં આગલા દિવસે ગામના ચોકમાં થયેલી માથાકૂટ બાબતનું લખાણ કરવા તેમને બોલાવવામાં આવેલ હતા, પરંતુ તે લખાણમાં શું લખેલ હતું તેની તેમને ખબર નથી. તેઓને સદર પંચનામાની ખરી નકલ બતાવવામાં આવતા તેમાં રહેલ તેમની સહી તેમણે ઓળખી બતાવેલ છે. સદર પંચનામાની ખરી નકલ પુરાવામાં રજુ દાખલ આંક-૪૬ છે.

આ પંચ સાહેદ પંચનામાની હકીકતોને સમર્થન કરતા ન હોય ફરીયાદપક્ષ તરફે વિ.એપીપીશ્રી એ તેઓને હોસ્ટાઈલ જાહેર કરી તેઓની વિગતવાર ઉલટતપાસ કરેલ હોવા છતાં આ સાહેદ ફરીયાદપક્ષના કેસને મદદરૂપ થાય તેવી કોઈ હકીકત જણાવેલ નથી.

(૧૬).. ફરિયાદ પક્ષ પોતાનો કેસ પુરવાર કરવા માટે **આંક-૫૦ થી ત.ક.અમલદાર પરબતભાઈ જીવાભાઈ બાંટવાને** તપાસેલા છે. આ સાહેદે પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં એવુ જણાવેલ છે કે," ગઈ તા. ૨૯-૦૯-૧૦ ના રોજ તેઓ લાલપુર પો.સ્ટે.માં પો.સ.ઈ. તરીકે ફરજ બજાવતા હતા. તે દરમિયાન પી.એસ.ઓ. જે.એલ. જેઠવા દ્વારા એ.એસ.આઈ. જે. આર. જાડેજાએ રૂબરૂની ફરીયાદી સુરેશભાઈ બેચરભાઈ સીતાપરાની લેવામાં આવેલી ફરીયાદના આધારે લાલપુર પોલીસ સ્ટેશન ગુ.ર. નં. ૩૩/૨૦૧૭, આઈપીસી કલમ ૩૨૩, ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૫૦૬(૨), ૫૦૪ તથા જી.પી. એક્ટ કલમ ૧૩૫ મુજબ ગુનો રજીસ્ટર કરી આગળની તપાસ તેમને સોંપવામાં આવી હતી. ફરીયાદી સુરેશભાઈ બેચરભાઈ સીતાપરા, જાતે કોળી, ઉંમર આશરે ૨૫ વર્ષ, રહે ખટીયા ગામે, પોતાની ફરીયાદમાં જણાવ્યું હતું કે તા. ૨૫-૦૯-૧૦ના રોજ રાત્રે આશરે નવેક વાગ્યે ગરબી ચાલુ હતી ત્યારે તેમના ગામમાં રહેતો રહીમ મામદ ગરબીમાં આવ્યો હતો અને પોતાની મો.સા. ઊભી રાખી માવો ખાવા ગયો હતો. ફરીયાદીએ તેને કહ્યું હતું કે મો.સા. અહીં રાખવી નહીં, જેથી રહીમ ઉશ્કેરાઈ ગયો હતો અને ભુંડી ગાળો બોલવા લાગ્યો હતો. ત્યારબાદ તે ગરબીમાંથી મો.સા. કાઢીને જતા વખતે કહ્યું હતું કે " હું હમણાં આવું છું, પછી તારો વારો કાઢીશ." થોડા સમય બાદ રહીમ મામદ, તેના પિતા મામદ ઉર્ફે ભંભો, તેનો ભાણેજ સાજલો, ભત્રીજો સદામ તથા ઈસ્માઈલ ઓસમાણભાઈ તથા ઈશાક ઈસ્માઈલભાઈ એમ બધા એકઠા થઈ આવી ગયા હતા. મામદ ઉર્ફે ભંભાએ ફરીયાદીને ગરબીની બાજુએ ખેંચી જઈ લાકડી વડે પગમાં માર માર્યો હતો. રહીમે પણ લાકડી વડે ફરીયાદીને વાંસામાં માર્યો હતો. સાજલાએ હાથમાં છરી લઈને ફરીયાદીને મારવા દોડ્યો હતો. ઈસ્માઈલ, ઈશાક તથા સદામએ પણ ફરીયાદીને માર માર્યો હતો. આ દરમિયાન સાક્ષી રૂધીબેન ગોપાલભાઈ ડાભી તથા શાંતાબેન મગનભાઈ સીતાપરા તથા અન્ય મહિલાઓ વચ્ચે પડી ફરીયાદીને વધુ મારથી બચાવ્યા હતા. ત્યારબાદ આરોપીઓએ ફરીયાદીને ધમકી આપી હતી કે "હવે પછી ડાયો થઈશ તો જાનથી મારી નાખીશ." આ બનાવમાં ફરીયાદીને બંને પગમાં તથા શરીરે મુંઢ ઈજાઓ થયેલી હતી. ફરીયાદના આધારે બનાવ સ્થળનું પંચનામું પંચ ૧ અજયભાઈ મગનભાઈ પરેશા જાતે

કોળી ઉ.વ. ૨૦ રહે. ખટીયા તથા પંચ ૨ હરેશભાઈ ગોવીંદભાઈ સીતાપરા જાતે કોળી ઉ.વ. ૨૪ રહે. ખટીયા વાળાઓની રૂબરૂમાં બનાવવાળી જગ્યાનુ પંચનામુ તા. ૩૦–૦૯–૧૭ના રોજ કલાક ૧૭:૪૫ થી ૧૮:૪૫ સુધી કરવામાં આવ્યું હતું. સાક્ષીઓ રૂધીબેન ગોપાલભાઈ ડાભી, જાતે કોળી ઉ.વ. ૬૦ રહે. ખટીયા તથા સાહેદ કાંતાબેન મગનભાઈ સીતાપરા જાતે કોળી ઉ.વ. ૬૧ રહે. ખટીયા તથા સાહેદ જયંતીભાઈ ભનજીભાઈ દેગામા જાતે કોળી ઉ.વ. ૨૭ રહે. ખટીયા વિગેરેના નિવેદનો તેઓ રૂબરૂ લેવામાં આવ્યા હતા, જેમાં ફરીયાદીની હકીકતને સમર્થન આપવામાં આવ્યું હતું. આ કામના આરોપીઓ પૈકી ૧. રહીમ મામદ સેઠા, જાતે સંધી ઉં વ. ૨૦ રહે. ખટીયા ૨. સાજીદ ઉર્ફે સાજલો જુમાભાઈ સમા જાતે સંધી ઉ. વ. ૨૦ રહે. ખટીયા, ૩. કાસમ ઉર્ફે સદામ જૂમાભાઈ સેઠા જાતે સંધી ઉ.વ. ૨૨, ૪. ઈશાક ઈસ્માઈલભાઈ સેઠા જાતે સંધી ઉ. વ. ૨૧ રહે. ખટીયાવાળાઓને તા. ૦૨–૧૦–૧૭ ના રોજ અટક કરવા પૂરતા પુરાવા મળતા અટક કરવામાં આવ્યા હતા. આરોપી નં.૧ પાસેથી બનાવમાં ઉપયોગમાં લેવાયેલી લાકડી તથા મો.સા. અને આરોપી નં. ૨ પાસેથી ઉપયોગમાં લેવાયેલ છરી કબ્જે કરવામાં આવી હતી. અને આરોપીઓના ખુલાસા લેવામાં આવેલ અને કબ્જે કરાયેલ મુદામાલ મુદામાલ પાવતી નં. ૪૫/૧૭ તા. ૦૨–૧૦–૧૭ હેઠળ મુદામાલ પાવતી ફાડવામાં આવેલ. ત્યારબાદ આ કામે તેઓએ તા. ૧૬–૧૦–૧૭ ના રોજ તેમની બદલી થતાં આગળની તપાસ અસલ કેસ કાગળો સાથે ક્રાઈમ રાઈટરને સોંપવામાં આવી હતી. આ બનાવ વખતે જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા હથિયારબંધિનું જાહેરનામું અમલમાં હતું, તેની નકલ આ કામે રજૂ કરવામાં આવી છે, જે દસ્તાવેજ આંક–૫૧ થી રજુ છે. તેમની તપાસ દરમિયાન આરોપીઓ વિરુદ્ધ ચાર્જશીટ કરવા પૂરતા પુરાવા મળતા તેઓ આરોપીઓને ઓળખે છે.

આ ત.ક.અમલદારની આરોપી તરફે વિ.વકીલશ્રી દ્વારા ઉલટતપાસ કરવામાં આવેલ છે જેમા તેઓએ એ વાતનો સ્વીકાર કરેલ છે કે, ખટીયા ગામમાં બધી જ્ઞાતિના માણસો રહે છે. એ વાતનો ઈન્કાર કરેલ છે કે,

ફરીયાદીના ઘરના સાહેદો સિવાય અન્ય સાહેદોના નિવેદનો લેવામાં આવેલ નથી. એ વાતનો સ્વીકાર કરેલ છે કે, તેમણે જે નિવેદનો લીધેલા તે બધા કોળી જ્ઞાતિના વ્યક્તિઓના છે. એ વાતનો ઈન્કાર કરેલ છે કે, આરોપીઓએ કોઈ ગુનો કરેલ નથી કે તેમની પાસેથી કોઈ વસ્તુ કબ્જે કરેલ નથી. એ વાતનો ઈન્કાર કરેલ છે કે, તપાસના કામે સાહેદોના નિવેદનો તેમણે પોતાની જાતે લખેલ છે.

(૧૭).. ફરિયાદ પક્ષ પોતાનો કેસ પુરવાર કરવા માટે **આંક-૫૨ થી સાહેદ પૃથ્વીરાજસીહ વીક્રમસીંહ રાણાને** તપાસેલા છે. આ સાહેદે પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં એવુ જણાવેલ છે કે," ગઈ તા. ૧૩-૧૦-૨૦૧૮ ના રોજ તેઓ લાલપુર પોલીસ સ્ટેશનમાં ફરજ પર હાજર હતા. તે દરમિયાન પીએસઆઈ પી.જે. બાંટવાએ લાલપુર પોલીસ સ્ટેશનના ફર્સ્ટ ગુ.ર. નં. ૩૩/૨૦૧૭, આઈપીસી કલમ ૩૨૩, ૧૪૩ વગેરે મુજબની તપાસ તેમને સોંપી હતી, જેથી તેમણે તે તપાસ સંભાળી લીધી હતી. તપાસ સંભાળી લીધા બાદ અગાઉ ધરપકડ કરાયેલા આરોપીઓ રહીમ મામદ, ઈશાક ઈસ્માઈલ, કાસમ જુમા, સાજીદ જુમા વગેરે વિરુદ્ધ તપાસના અંતે પૂરતો પુરાવો જણાતા આ બાબતે તેમણે ચાર્જશીટ રજૂ કરી હતી. આરોપીઓ ઈશાક તથા કાસમ કોર્ટમાં હાજર છે, જ્યારે અન્ય આરોપીઓ હાજર નથી. તેઓ તેમને જોઈને ઓળખે છે.

આ સાહેદની આરોપી તરફે વિ.વકીલશ્રી દ્વારા ઉલટતપાસ કરવામાં આવેલ છે જેમા તેઓએ એ વાતનો સ્વીકાર કરેલ છે કે, ચાર્જશીટ સિવાય બીજી કોઈ કામગીરી તેમણે કરેલ નથી.

(૧૮).. ફરીયાદપક્ષનો સમગ્ર પુરાવો જોતા ફરીયાદપક્ષ એવી હકીકત લઈ અદાલત સમક્ષ આવેલ છે કે, બનાવ વખતે હાલના ફરીયાદી પોતે ગરબીનુ સંચાલન કરતા હતા તે વખતે આ કામના આરોપીઓ પૈકી આરોપી રહીમ મામદ ગરબી પાસે આવી વચ્ચે મોટર સાયકલ રાખી મસાલો ખાવા ગયેલો અને ફરિયાદી

એ આ રીતે વચ્ચે મોટરસાયકલ રાખવાની તેમને ના પાડેલી તેથી આ રહીમ મામદ ઉશ્કેરાય જય ફરિયાદીને ભૂંડી ગાળો બોલી પોતાનું મોટરસાયકલ ગરબીની વચ્ચેથી કાઢીને જતો રહેલો અને હમણાં હું આવું છું પછી તારો વારો કાઢવો છે તેવું કહી ગયેલો અને થોડીવારમાં અન્ય તમામ આરોપીઓ પણ ત્યાં એક ફોરવીલ અને એક મોટરસાયકલ માં બેસીને આવી ગયેલા અને તે વખતે આરોપીઓ પૈકી આરોપી મામદ ઉર્ફે ભંભાએ ફરિયાદીને ગરબીની બાજુમાં ઢસડી જઈ ફરિયાદીને પગમાં લાકડી મારેલ, જ્યારે રહીમે ફરિયાદીને વાસામા લાકડી નો ઘા મારેલ અને ત્યારે આરોપી સાજલો તેના હાથમા છરી લઈને ફરિયાદીને મારવા દોડેલ અને આરોપી ઈસ્માઇલ તથા તેનો દીકરો ઈસાક તથા સદામ આ બધા ફરિયાદીને માર મારવા લાગેલ અને તે વખતે ગરમી જોનારા રૂધીબેન ગોપાલભાઈ ડાભી તથા સાંતાબેન મગનભાઈ સીતાપરા તથા બીજી મહિલાઓ વચ્ચે પડી અને ફરિયાદીને છોડવેલ અને તે વખતે આરોપીઓએ ફરિયાદીને ધમકી આપેલ કે આજે તો તુ બચી ગયો છે હવે પછી ડાયો થયો તો તને જાનથી મારી નાખીશું તેમ કહીને જતા રહેલ તેવી મુખ્ય હકીકત સાથે ફરિયાદ પક્ષ અદાલત સમક્ષ આવેલ છે.

હવે ફરિયાદ પક્ષે પડેલ પુરાવાઓનું મૂલ્યાંકન કરીએ તો આ બનાવ તારીખ ૨૫.૦૯.૨૦૧૭ ના રોજ બનેલ હોવાનું જણાય છે અને આ અંગેની ફરિયાદ તારીખ ૨૯.૦૯.૨૦૧૭ ના રોજ અપાયેલી છે અને બનાવ બન્યાના ચાર દિવસ પછી ફરિયાદ આપવા માટે વિલંબ અંગેનું કોઈ યોગ્ય કારણ ફરિયાદ પક્ષ રેકર્ડ ઉપર લાવી શકેલા નથી અને તે સંજોગોમાં આટલી મોડી ફરિયાદ એ પોતે જ એક શંકા ઉપસ્થિત કરે છે.

હવે આ કામે ફરિયાદપક્ષે જે પંજો ને તપાસેલા છે તે પંચો હોસ્ટાઈલ થયેલા છે અને તેઓએ ફરિયાદ પક્ષના કેસને કોઈ જ સમર્થન કરેલ નથી.

હવે ફરિયાદીની ફરિયાદ જોતા તેમાં બનાવ વખતે આરોપી રહીમ મામાદપોતાની મોટરસાયકલ ગરબી વાળી જગ્યાએ મૂકી માવો ખાવા ગયેલો

અને તેથી ફરિયાદીએ તેને આવી રીતે મોટરસાયકલ મૂકવાની ના પાડેલી, અને તેથી બનાવ શરૂ થયેલો તેવું જણાવેલ છે. ક્યારે મૂળ ફરિયાદી ને ફરિયાદ પક્ષે આક-૧૩ થી તપાસેલા છે અને સોગંદ ઉપરની ચુબાની માં ફરિયાદીએ બનાવવા વખતે રહીમ મામદ ગરબીવાળા રસ્તામાં છોકરીઓ વાળો રસ્તો હતો તેમાં આડો બેસેલો અને તેથી ફરિયાદીએ તે અંગે બનાવ બનેલ તેવું જણાવેલ છે. આ જોતા ખરેખર બનાવો વખતે આરોપી રહીમ મામદ મોટરસાયકલ મૂકી માવો ખાવા ગયેલ તેથી બનાવ બનેલ કે ગરબી વાળી જગ્યાએ જ્યાં છોકરીઓનો રસ્તો હતો તે રસ્તામાં આરોપી રહીમ મામદ રસ્તામાં બેઠેલો હતો અને ફરિયાદી ત્યાંથી તેને ખસવાનું જણાવેલ તેથી બનાવ બનેલ તે બાબતે ફરિયાદ અને ફરિયાદીની સોગંદ ઉપરની જુબાની માં એકબીજાથી વિરોધાભાસી હકીકતો આવેલી છે.

હવે ફરિયાદીની ઉલટ તપાસ જોતા જે જગ્યાએ બનાવ બનેલ તે જગ્યા આગળ કોળી જ્ઞાતિની વ્યક્તિઓની દુકાનો આવેલી છે અને આ ગરબી આગળ કોળી જ્ઞાતિ ના વધારે મકાનો આવેલા છે તેવું જણાઈ આવે છે. હવે આ જે કોળીની દુકાનો છે તેમાંના સાહેદ ને ફરિયાદ પક્ષે આંક-૪૩ થી તપાસેલા છે. જીતુભાઈ ભોજાભાઇ દેગામા (મકવાણા) ખટિયા ગામ તેઓની કરિયાણાની દુકાન આવેલ છે અને તે દુકાનની આગળ ગરબી થાય છે તેવું જણાવેલ છે. પરંતુ આ ગરબી વાળા બનાવ બાબતે તેઓ કંઈ જાણતા ન હોવાનું જણાવેલ છે અને વિદ્વાન એપીપી શ્રી ની ખુબ જ લંબાણપૂર્વકની ઉલટ તપાસમાં પણ આ સાહેદે ફરિયાદ પક્ષના કેસને સમર્થનકારી કોઈ જ હકીકત જણાવેલ નથી. ફરિયાદ પક્ષના સ્વતંત્ર સાહેબ ગણી શકાય તેવા સાહેબો આ એક માત્ર આંક ૪૩ જીતુભાઈ ભોજાભાઇ દેગામા છે કે જેઓની ગરબી વાળી જગ્યા એટલે કે બનાવવાળી જગ્યા એ જ દુકાન આવેલી છે અને તેમની દુકાન આગળ જ બનાવ બનેલ છે તેવો ફરિયાદ પક્ષનો કેસ છે. તે સંજોગોમાં જો ખરેખર આ જ રીતે બનાવ બનેલ હોય તેમાં આ સાહેદ તે અંગે ચોક્કસ જાણતા હોય તો ચોક્કસ તે સાહેદ આ અંગે ફરિયાદ પક્ષના કેસને સમર્થનકારી હકીકતો જણાવી શક્યા હોત, પરંતુ આ સાહેબ ફરિયાદ પક્ષના

કેસને કોઈ જ સમર્થન કરેલ નથી.

ફરિયાદ પક્ષે જે સાહેદો તપાસેલા છે તે સાહેદો ફરિયાદી ઉપરાંત ફરિયાદીની માતા અને ફરિયાદીના માસી એ ફરિયાદ પક્ષના કેસને સમર્થનકારી હકીકતો જણાવેલ છે. પરંતુ ફરિયાદી તથા તેમની માતા અને માસી તમામની જુબાની માં એવી હકીકત બહાર આવેલ છે કે, આરોપી સરપંચની ઉમેદવારી તરીકે ઉભા રહેલા અને ફરિયાદ પક્ષના માણસો તેના સામા પક્ષમાં હતા તે જોતા ફરિયાદ પક્ષ અને આરોપીઓ વચ્ચે અગાઉથી ચૂંટણીની અદાવત ચાલતી આવેલ હોવાનું જણાય છે.

પંચનામુ જોતા તેમાં બનાવવાળી જગ્યાએ કોઈ જ નોધપાત્ર ચિન્હો ન હોવાનું અને લોહીના કોઈ ડાઘા કે બીજા કોઈ નિશાન ન હોવાનું જણાય છે. તે ઉપરાંત ફરિયાદ પક્ષનો પુરાવો જોતા ફરિયાદીએ આરોપીઓના માર અંગે કે ફરિયાદીને કોઈ ઈજા થયેલ હોય અને ફરિયાદીએ આ અંગે કોઈ સારવાર કરાવેલ હોય તેવું કોઈ સારવાર સર્ટિફિકેટ રજુ થયેલ નથી. આ તમામ બાબતો જોતા ફરિયાદ પક્ષ અને આરોપીઓ વચ્ચે આ બનાવ અગાઉથી ચૂંટણી બાબતે અદાવત ચાલતી હોવાનું સ્પષ્ટ થાય છે અને બનાવ બન્યાના ચાર દિવસ પછી ફરિયાદ દાખલ થયેલ છે અને આટલા લાંબા વિલંબ બાબતે કોઈ યોગ્ય ખુલાસો રેકોર્ડ ઉપર આવેલ નથી. બનાવ વાળી જગ્યા પાસે જે જે સ્વતંત્ર સાહેદો તેવા કોળી સમાજના માણસોની દુકાનો છે તેઓએ ફરિયાદ પક્ષના કેસને કોઈ જ સમર્થન કરેલ નથી અને બનાવ આવી કોઈ ગરબી વાળી જગ્યાએ બનેલ હોવાનું તેઓની જાણમાં આવેલ ન હોવાનું જણાવેલ છે તે તમામ સંજોગો જોતા ફરિયાદ પક્ષનો સમગ્ર પુરાવો જોતા ફરિયાદ પક્ષ આરોપી વિરુદ્ધનો ગુનો શંકા રહિત પુરવાર કરવામાં સરેઆમ નિષ્ફળ નિવડેલ છે તેવા તારણ ઉપર હું આવું છું અને ફરિયાદ પક્ષના પુરાવામાં જે શંકાઓ ઉપસ્થિત થયેલ છે તેનો લાભ આરોપીઓને આપવો ન્યાયોચિત જણાય છે.

અને તે સંજોગોમાં ફરીયાદપક્ષ આરોપી વિરૂધ્ધનો પોતાનો કેસ શંકારહીત પુરવાર કરવામાં સરેઆમ નિષ્ફળ નિવડેલ હોવાનુ જણાય છે અને તેથી મુદ્દા નં–૧ નો જવાબ હું નકારમાં આપું છું અને તે જ રીતે આરોપીઓ પાસેથી હથીયાર રીકવર થયા અંગે કોઇ પંચોએ પંચનામાની હકીકતોને સમર્થન કરેલ નથી અને તેથી આરોપીઓ પાસેથી હથીયાર રીકવરી થયેલ હોવાનુ પુરવાર થયેલ નથી તે સંજોગોમાં બનાવ સમયે આરોપીઓએ મારક હથીયારો ધારણ કરેલ હોવાનુ અને જીલ્લા મેજીસ્ટ્રેટ સાહેબશ્રીના હથીયારબંધીના જાહેરનામાનો ભંગ કરેલ હોવાનુ પુરવાર થયેલ નથી તેવા તારણ ઉપર હુ આવુ છુ અને તેથી મુદ્દા નં–૨ અંગેનો નિર્ણય હુ નકારમાં આપુ છુ અને મુદા નં. ૩ અંગે નીચે મુજબનો આખરી હુકમ ફરમાવું છું.

**–//<u>આખરી હુકમ</u>//–**

(૧) આ કામના આરોપીઓ નં. **(૧) રહીમ સ/ઓફ મામદભાઇ ઉર્ફે ભંભો ઓશમાણભાઈ સેઠા, (૨) ઈશાક ઈસ્માઈલ સેઠા, (૩) કાસમ ઉર્ફે સદામ જુમાભાઈ સેઠા**નાઓને તેઓના વિરૂદ્ધના ઇ.પી.કો. કલમ–૩૨૩, ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૫૦૪, ૫૦૬(૨) તથા જી.પી.એકટની કલમ ૧૩૫(૧) મુજબનાં શિક્ષાપાત્ર ગુનામાથી ક્રિ.પ્રો.કો.કલમ–૨૪૮(૧) અન્વયે શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ ફરમાવું છું. તેમજ આરોપી નં. **(૪) સાજીદ ઉર્ફે સાજલો જુમાભાઇ સમા** સામેનો કેસ એબેટ કરવામાં આવે છે.

(૨) આ કામના આરોપીને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૪૩૭(એ) મુજબ એપેલેટ કોર્ટ માં તેઓની હાજરી સુનિશ્ચિત કરવાના હેતુથી દરેક આરોપીએ રૂા.૫,૦૦૦/– (અંકે રૂપિયા પાંચ હજાર પુરા) ના જામીન અને તેટલી જ રકમનો જાતમુચરકો રજુ કરવો.

(૩) મુદામાલ પાવતીમાં જણાવેલ બીન કીંમતી મુદામાલનો અપીલ સમય બાદ નાશ કરવાનો હુકમ ફરમાવુ છુ. તેમજ મુદામાલ વાહન અંગે વચગાળાનો હુકમ થયેલ છે તે કાયમ રાખવામાં આવે છે અને જો આવો કોઇ હુકમ કરેલ ન હોય તો અપીલ સમય વિત્યે મુદામાલના મુળ માલીકની ખરાઇ કરી તેને પરત સોંપવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજ તા. **૨૨ મી, માહે– જુલાઇ સને–૨૦૨૬** નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

**સ્થળઃ– લાલપુર.**
**તા.૨૨/૦૭/૨૦૨૬**

**(એ.એ.વાયડા)**
એડિશ્નલ ચીફ જયુડિશીયલ
મેજીસ્ટ્રેટ, લાલપુર
યુ.આઇ.સી.નં–જી.જે.૦૦૯૮૬